**Gujarati Midday Pg 12, 23rd Aug 2022**

# ડોઝકોઇન એક સપ્તાહમાં ૧૨ ટકા ઘટ્યોઃ આઇસી૧૫ ઇન્ડેક્સમાં ૪૦૮ પોઇન્ટનો ઘટાડો

**ટેસ્લાના** એલન મસ્કના ફેવરિટ ડોઝકૉઈનના ભાવમાં છેલ્લા સપ્તાહમાં ૧૨ ટકાનો ઘટાડો થયો છે. સોમવારે આ વલણ ચાલુ રહ્યું હતું અને ઘટાડાનું પ્રમાણ ૩.૩૬ ટકા હતું. આ લખાઈ રહ્યું છે ત્યારે એનો ભાવ ૦.૦૬૬૮૬ ડૉલર ચાલી રહ્યો હતો. દરમ્યાન, બિટકૉઈન ૦.૬૩ ટકાના ઘટાડા સાથે ૨૧,૩૨૦ ડૉલર અને ઈથેરિયમ ૨.૮૭ ટકા સાથે ૧,૫૬૯ ડૉલર ચાલી રહ્યા છે.

ઑલ્ટરનેટિવ કૉઈન્સ-એક્સઆરપીમાં ૧.૮૪ ટકા, કાર્ડાનોમાં ૧.૬૫ ટકા અને સોલાનામાં ૩.૭૮ ટકાનો ઘટાડો થયો છે. ડોઝકૉઈનમાં હાલ માનસ ખરડાયેલું હોવાથી તાત્પૂરતા સુધારાને કોઈ અવકાશ નથી. અગાઉ, ૩.૦ વર્સે લૉન્ચ કરેલો વિશ્વનો સૌપ્રથમ ક્રિપ્ટો ઈન્ડેક્સ-આઈસી૧૫ સોમવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૧.૩૦ ટકા (૪૦૮ પૉઈન્ટ) ઘટીને ૩૦,૮૫૦ પૉઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૩૧,૨૫૮ ખૂલીને ૩૧,૭૪૪ સુધીની ઉપલી અને ૩૦,૧૪૫ પૉઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.